| | | |
|---|---|---|
| MGVCL | **મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ ,**<br>**સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા –૩૯૦૦૦૭.**<br>**CIN :U40102GJ2003SGC042907**<br>ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪<br>ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦<br>ઈમેઈલ : cetech.mgvcl@gebmail.com<br>ઈમેઈલ : ceproj.mgvcl@gebmail.com | G20 भारत 2023 INDIA |

## ❖ ખેતી વિષયક વીજ જોડાણો

## ❖ તત્કાલ યોજના -૨૦૧૫ હેઠળ કુવાઓનું વીજળીકરણ :

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા અમલી તેવી તત્કાલ યોજના અંતર્ગત એવા લાભાર્થીઓને સમાવિષ્ટ કરવામાં આવે છે જેઓ લાંબી પ્રતિક્ષા યાદી કરતા વહેલાસર ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા ઇચ્છતા હોય જેથી સદર યોજના પ્રવર્તમાન છે.

જે અન્વયે અરજદારશ્રીઓ દ્વારા નીચે મુજબની તકેદારી રાખી અરજી કરવાની રહે છે;

૧. સદર યોજના સમગ્ર રાજ્યમાં આવેલ ખેતી વિષયક પોતાની માલિકીની જમીનમાં સત્વરે વીજ જોડાણ મેળવવા ઇચ્છતા લાભાર્થીઓ માટે છે.

૨. સદર યોજના અંતર્ગત સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે વીજ જોડાણ લેવા માટે જરૂરી રજૂ કરવાના દસ્તાવેજોની ચકાસણી કરી રજીસ્ટ્રેશન તત્કાલ યોજનામાં કરવાનું હોય છે. હાલમાં અરજી ઓનલાઇન માધ્યમ દ્વારા નોંધણી કરવામાં આવેલ છે.

3. જેમાં હળવા દબાણ અને ભારે દબાણનો લાઇન ચાર્જ તેમજ વીજ ટ્રાન્સફોર્મર વગેરે માલ સામાન માટે પ્રવર્તમાન કોસ્ટ ડેટા પ્રમાણે થતા ખર્ચ પૈકી ૭૦ ટકા રકમ અરજદારો પાસેથી વસુલવામાં આવશે, અને ૩૦ ટકા રકમ વીજ વિતરણ કંપની દ્વારા ભોગવવામાં આવે છે.

૪. અરજદારોએ ડાર્ક ઝોન અરિયાને લગતા તમામ કાર્યવાહી ફરજિયાત પૂર્ણ કરવાની રહે છે.

૫. સદર યોજના હેઠળ તત્કાલ ટેરીફ હેઠળ વીજ બીલ લેવામાં આવે છે.